# મોડાસાના ડુઘરવાડા ચોકડી પાસે ગમખ્વાર અકસ્માત
# ૧૦૮ એમ્બ્યુલન્સ એક કલાક પછી પહોંચી

મોડાસા, તા.૯

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આજે વહેલી સવારે ૫-૦૦ કલાક શિયાળામાં પડતા ઝાકળના કારણે આગળ જઈ રહેલ ભારે વાહન ન દેખાતા ટેન્કરના ચાલકે પાછળથી અકસ્માત સર્જી ધડાકાભેર અથડાવી દેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો આગળ જઈ રહેલ ભારે વાહનો વાહનચાલક વાહન લઈ ફરાર થઈ ગયો હતો. ઘટના સ્થળે દોડી આવેલા પ્રજાજનોએ ૧૦૮ એમ્બ્યુલસને જાણ કરતા અંદાજે એક કલાક છી ઘટના સ્થળે પહોંચી હતી.

મોડાસા શહેરના જાહેરમાર્ગો ઉપર સલામતી અને અકસ્માત ન સર્જાય તેની તકેદારીના ભાગરૂપે ભારે વાહનોની સવારે ૮ થી સાંજે ૮ સુધી પ્રવેશબંધી ફરમાવેલ છે. જેના કારણે અકસ્માતની ઘટનાઓ નહિવત બની રહી છે. મોડાસા શહેરના મુખ્ય માર્ગ ઉપર ડુઘરવાડા ચોકડી પાસે આજે સવારે ૫ કલાકે જલદ પ્રવાહી ભરી નાગાલેન્ડ રાજયનો ટેન્કરચાલક મોડાસા શહેરના મુખ્યમાર્ગ ઉપરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે ટેન્કર ચાલકને શિયાળામાં વરસી રહેલ ઝાકળના કારણે આગળ જઈ રહેલ અજાણ્યું ભારે વાહન ન દેખાતા પછળથી ટકકર મારી જીધી હતી જેના કારણે ધડાકાભેર અવાજ થતા લોકો સફાળા જાગી ઘટના સ્થળે પહોંચી ગયા હતા જેમાં ટેન્કરના વાહનચાલક નસીમ હનીફ પઠાણ ઉ.વ.૫૮ (પ્રતાપગઢ, યુ.પી.) ને પણ માથાના અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી લોહી લુહાણ થઈ ગયા હતા. ઘટના સ્થળે હાજર રહેલા લોકોએ ૧૦૮ને તાત્કાલીક જાણ કરવા છતાં અંદાજે ૧ કલાકથી પણ વધારે સમય પછી પહોંચતા લોકોએ ૧૦૮ની સગવડ કરતાં અગવડ વધારે હોય તેવુ અનુભવ્યું હતું. ટેન્કરચાલક તેમજ કિલનરને લઈ ૧૦૮ એમ્બ્યુલન્સ સારવાર અર્થે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## માલપુર તાલુકાના તખતપુરા નજીક ટ્રક અને રીક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત : બેના મોત

અરવલ્લી જીલ્લના માલપુર નજીક આવેલ તખતપુરા ગામે આજે બપોરના સુમારે એક પેસેન્જર રીક્ષા અને ટ્રક વચચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ઘટના સ્થળ ઉપર જ રીક્ષામાં બેઠેલા બે પેસેન્જરનુ કમકાટી ભર્યુ મોત નીપઝયુ હતુ. આજે બપોરના સુમારે મોડાસા બાજુથી જતી એક પર પાંતીય ટ્રક માલપુર બાજુથી છ આવેલ પેન્જર રીક્ષા માટે યમદુત સમાન બની ગઈ હતી. બપોરના સુમારે મોડાસા બાજુથી પુરપાટ ઝડપે આવતી ટ્રક નંબર એચ આર ૫૫ આર ૯૪૩૪ નંબર ની ટ્રક ના ડ્રાઈવર દ્વારા ગફલત ભરી રીતે ટ્રક હંકારતા સામે થી આવતી પેસેન્જર રીક્ષા નંબર જી જે ૯ ઝેડ ૫૩૩૯ નંબર ની પેસેન્જર રીક્ષા સાથે ઘડાકાભેર અથડાતા સ્થળ પર જ રીક્ષા માં બેઠેલ બે પેસેન્જર નુ ઘટના સ્થળ પર જ મોત નીપજયુ હતુ જયારે બાકીના પાંચ પેસેન્જરોને સારવાર અર્થે મોડાસાની સાર્વજનીક હોસ્પીટલ ખાતે લાવવામાં આવ્યા હતા જેમાંથી ત્રણની હાલત ગંભીર હતી.

# ડીસામાં ઉત્તરાયણમાં મૂંગા પશુઓને લાડુનું અન્નદાનની તૈયારી

ડીસા, તા. ૯

આગામી ૧૪ જાન્યુઆરીએ ઉતરાયણ પર્વની ઉજવણી કરવા યુવાવર્ગનાં થનગનાટ અને તૈયારી વચ્ચે બનાસકાંઠાના ડીસામાં અબોલ પશુ ધન અને કુતરા, ગાયો માટે લાડુનું અન્નદાન આપવા ઘેર ઘેર- અને શેરીએ શેરી મહિલા મંડળો કાર્યરત બન્યા છે અને લાડુ બનાવવાનું સેવાકાર્ય શરુ કરતા આ અન્નદાન -રણારૂપ બન્યું છે.

ગુજરાત સાહિત દેશભરમાં ઉતરાયણની ધૂમધામથી ઉજવણી થાય છે. પતંગરસિકો અવનવા પતંગો અને દોરી વસાવવા તૈયારી આરંભી રહ્ના છે ત્યારે ડીસા સહીત સમગ્ર બનાસકાંઠામાં ભારતીય સંસ્કૃતિને અનુરૂપ જીવદયાની જયોત ઝળહળતી રાખતો એક મોટો અન્ય વર્ગ લાડુ સહીતનું અન્નદાન આપવા કામે લાગ્યો છે. ડીસામાં અનેકો સોસાયટીમાં મહિલાઓ દ્વારા કુતરા અને ગાયને મકરસક્રાંતિ દિવસે લાડુનું ભોજન આપવા સામુહિક -યત્નોએ લાડુ બનાવવાનું કામ શરુ કરાયેલ છે. ડીસાની તિરુપતિ સોસાયટી, સત્યમ શિવમ સોસાયટી, ક્રિષ્ના સોસાયટી, પટેલ સોસાયટી અને અંબિકાનગર સોસાયટીમાં અનેકો મણ લાડુ બનાવાઈ રહ્ના છે. લોકોએ આ કામ ભારે ઉત્સાહ થી હાથ ધર્યુ છે. ગુજરાત સહીત દેશમાં મકરસંક્રાંતિના દાન કરવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. જે મુજબ શહેરીજનોએ રાશી -માણે તેમજ યથાશકિત મુજબ કુતરા, ગાય માટે લાડુ અને અન્ય ચીજવસ્તુઓનું દાન કરી પુણ્ય કમાવવા અત્યારથીજ તૈયારી આરંભી છે. લોકોએ અત્યારથી જ પુણ્યનું ભાથું બાંધવા સેવા કાર્ય થકી લાડુ બાંધતા આકામ અન્યો માટે -રણા રૂપ બનેલ છે.



# અરવલ્લી જિલ્લા પંચાયતમાં ૮ બેઠકોનો વધારો થશે
## મોડાસા અને બાયડની બે-બે બેઠકનો વધારો નિશ્ચિત

(જીતેન્દ્ર પટેલ ધ્વારા) મોડાસા, તા.૯

અરવલ્લી જીલ્લા પંચાયત અમલમાં આવી ગઈ છે અને અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રથમ મહિલા પ્રમુખ તરીકેનો તાજ ભાજપાના નેહાબેન પટેલના સીરે મુકાયો છે અને ઉપપ્રમુખની પણ વરણી કરી દેવામાં આવી છે ત્યારે હવે આગામી સમયમાં અરવલ્લી જિલલા પંચાયતની ચુંટણી થશે. ચુંટણી પંચ ધ્વારા જિલ્ પંચાયતની બેઠકો વધારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં હાલની સ્થીતી જોઈએ તો અરવલ્લી જીલ્લા પંચાયતના સભ્યોની કુલ ૨૨ બેઠકો છે. ત્યારે આ બેઠકોમાં કુલ ૮ બેઠકોનો વધારો કરીને જિલ્લા પંચાયતની કુલ ૩૦ બેઠકો કરવાનુ જાણવા મળેલ છે પરિણામે આવનારી ચુંટણીમાં જિલાલ પંચાયતની બેઠકોમાં ધરખમ ફેરફારો થશે. જયારે આધારભુત સુત્રોમાંથી જાણવા મળ્યા અનુસાર મોડાસા અને બાયડ તાલુકાને ૨ બેઠકો નો વધારો કરવામાં આવનાર છે.જયારે બાકીના તાલુકામાં ૧-૧ જિલ્લા પંચાયતની બેઠકો વધશે.

સાબરકાંઠમાંથી અરવલ્લી જિલ્લો અલગ થતાં આ જિલલામાં જિલ્લા પંચાયતની ૨૨ બેઠકો આવેલી છે. પરંતુ જિલ્લા પંચાયત અલગ થતાં જ તેની બેઠકોમાં વધારો કરવા ચુટણી પંચે કાર્યવાહી હાથ ધરી દિધુ હોવાનુ જાણવા મળેલ છે. ચુટણીપંચ દ્વારા બેઠકો વધારવાનો તખતો તૈયાર કરી દેવામાં આવ્યો છે. જેમાં અરવલ્લી જિલ્લામાં ૮ બેઠકોનો વધારો કરવામાં આવનાર છે. જો અરવલ્લી જિલ્લા પંચાયતની ૮ બેઠકો વધશે તો આગામી ચૂટણી ૨૨ની જગ્યાએ ૩૦ બેઠકો પર યોજાશે. જે ૮ બેઠકોનો વધારો કરવામાં આવનાર છે. તેમાં મોડાસા -૨, બાયડ-૨, ભિલોડા-૧, માલપુર -૧, મેઘરજ-૧ અને ધનસુરા તાલુકામાં ૧ બેઠક વધશે. આમ બાયડ અને મોડાસા તાલુકાને જિલ્લા પંચાયતની ૨-૨ બેઠકો મળશે. જયારે બાકીના ચાર તાલુકાને જિલલા પંચાયતની ૧-૧ વધારાની બેઠક ફળવાશે. ચુંટણીપંચે આ માટેની તમામ તૈયારીઓ પુર્ણ કરી દિધી હોવાનુ જાણવા મળેલ છે.




# ધનસુરા પંથકમાં ચીઠ્ઠી અને ચબરખી પર ચાલતા વેપાર - ઉદ્યોગો...!
## ઉત્પાદકો અને વેપારીઓ બિલ વગર વેચાણ કરી કરવેરાની બચત કરી આવક છુપાવતા હોવાની બુમ

(સમીર બલોચ ધ્વારા)

મોડાસા, તા.૯

રાજય અને કેન્દ્ર સરકાર ની તિજોરી માટે આવક ના સ્ત્રોત ગણી શકાય એવા સરકાર ના વિવિધ પ્રકાર ના કરવેરા ની આવક જો પ્રમાણીક પણ સરકાર માં જમા કરાવવામાંઆવે તો સમગ્ર દેશ વિકાસ ના નામે આવળ વધી શકે છે પરંતુદેશમાંકરવેરા ની વસુલી કરવા માટે કાર્યરત તંત્ર ના ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ ને સરકારી તીજોરી માં આવક જમા કરાવવા કરતાં પોતાના ખિસ્સા ભરવામાં વધુ રસ હોય તેમ આદેશ ની જનતા અનુભવી રહી છે.

કેન્દ્ર સરકાર નુ આયકર ખાતુ હોય કે રાજય સરકાર નુ વેચાણવેરા ખાતુ કે એકસાઈઝ વિસ્ભાગ દ્વારા ઘણીવાર પોતાનો લક્ષ્યાંક પાર પાડવા ઈમાનદાર અને પ્રમાણીક વેપારીઓ કે ઉદ્યોગપતિઓ ને યેનકેન પ્રકારે પરેશાન કરી કરવેરા ની વસુલાત કરાય છે.જયારે કરચોર વેપારીઓ જેના લોખંડ અને સિમેન્ટ જેવી મોઘી વસ્તુઓ પાકા બીલ વગર ચિઠ્ઠી ચબરખી થી વેપાર કરતા હોય છે. જયારે કેટલીક વાર વેચાણવેરા વિભાગ ના અધિકારીઓ છુટક કરિયાણુ વેચતા વેપારીઓ ને બીલ ના અપાવા બદલ દંડ કરતાં હોવાનુ જાણવા મળેલ છે.

બીજી બાજુ લાખો રૂપીયાની મશીનરી લોખંડ અને સિમેન્ટ નો વેપાર કતાં વેપારીઓ કે ઉદ્યોગપતિઓ દ્વારા થતી કરચોરી ને છાવરવામાં આવે છે.જયારે બીજી તરફ પાંચ પચ્ચીસ રૂપીયાનો કરિયાણા નો વેપાર કરતાં વેપારી ને પાકુ બીલ આપવા આદેશ કરાય છે. એટલે આ ઉપરથી દેખાઈ રહયુ છે કે આ ન્યાય નિતી સૌ નાના વેપારી ઓ ને લાગુ પડે છે.અને મોટા વેપારીઓ ને સૌ માફ જયારે આ બાબતે સરકારી તંત્ર ના પેટ નુ પાણી હલતુ નથી જાણે કે કોઈ વચેટીયા ધ્વારા કરવેરા વિભાગ ના અધિકારીઓ નુ નવેધ ધરાવી દેવાતુ તો નથી ને?????ધનસુરા પંથક ના નાગરીકો કેટલીક વાર લોખંડ સિમેન્ટ નો વેપાર કરતાં વેપારીઓ પાસે પાકા બીલ ની માંગણી કરવા છતા પણ કાચુ બીલ કે એસ્ટીમેન્ટ લખેલા કાગળ પર બીલ બનાવી આપી દેવામાં આવે છે ત્યારે આવા વેપારીઓ કે જે મશીનરી ઉદ્યોગો સાથે પણ સંકળાયેલા છે. તો તે અંગે વેચાણવેરા વિભાગ દ્વારા ઉંડી તપાસ થાય તે જરૂરી છે.



પ્રસિધ્ધ કથાકાર સંત છોટે મોરારી બાપુ ધર્મ પ્રચારની સાથે સામાજીક કામગીરી પણ કરી રહ્યા છે. એક તરફ કથાના માધ્યમથી ધર્મનું જ્ઞાન આપી રહ્યા છે. બીજી બાજુ સ્વચ્છતા અભિયાન માં લોકોને જોડી સેવાનું કામ કરી રહ્યા છે. લોક જાગૃતિ ફેલાવી રહ્યા છે. મહેસાણા જિલ્લાના બળવંતપુરાના કથાકાર સંત છોટે મોરારીબાપુએ ૨૦૧૯ સુધીમાં ૧૦૮ કથા કરવાનો લક્ષ્યાંક કર્યો છે. જેની શરુઆત પણ દહેગામ ખાતેથી કરવામાં આવી છે. જેના ભાગરૂપે ધનસુરા નજીકના વડાગામમાં ૯ દિવસીય રામકથાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ રામકથાની સાથે છોટે મોરારી બાપુ ગ્રામજનોની સાથે રહી સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ કરી રહ્યા છે. જેમાં તેમની આ સેવાકીય કામગીરી માં મોટી સંખ્યામાં નગરજનો સહભાગી બન્યા હતા અને ઠેર ઠેર કચરા-ઉકરડાની સાફ સફાઈ કરી હતી. (તસવીર : બાબુભાઈ પટેલ)



ખેડબ્રહ્મા શહેરની નથ્થુરામ બાવા જ્યોતિ વિદ્યાલયમાં શુક્રવારે ત્રિવિધ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વયનિવૃત્તિ સન્માન, તેજસ્વી તારલા અભિવાદન અને વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જ્યોતિ વિદ્યાલયમાં યોજાયેલ ત્રિવિધ મહોત્સવમાં વય નિવૃત્ત થતા પાંચ શિક્ષક, બે કલાર્ક અને સુપરવાઈઝરનું સન્માન કરવામાં આવ્યુ હતુ. તેજસ્વી તારલાઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. જ્યારે શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યા હતા.

# મોડાસાની શ્રીજી બુટાલા સર્વોદય હાઈસ્કુલમાં વર્ષિક મહોત્સવની ઉજવણી કરવામાં આવી
## જિલ્લા પંચાયતના પ્રમુખ નેહાબેન પટેલ દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવ્યુ

મોડાસા, તા.૯

અરવલ્લી જીલ્લાનુ મોડાસા શહેર એટલે શસ્ક્ષણ નુ ધામ શિક્ષણ ની નગરી તરીકે ઓળખાતા આ મોડઢાસા શહેર ની નામના ધરાવતી શ્રીજી બુટાલા સર્વોદય હાઈસ્કુલ માં વાર્ષિક મહોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લા ના મોડાસા શહરે ની સર્વોદગય હાઈસ્કુલ માં વાર્ષિક રસોત્સવ ૨૦૧૫ યોજોયો હતો જેમાં નવરચિત અરવલ્લી જિલ્લા ના પ્રથમ મહિલા પ્રમુખ નેહાબેન પટેલ અને અન્ય મંચસ્થ મહાનુભવો ધ્વારા દિપ પ્રાગ્ટય કરી કાર્યક્રમ ને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. મોડાસા ની સર્વોદય હાઈસ્કુલ માં રશોત્સવ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં સર્વોદય હાઈસ્કુલ મોડાસા હાઈસ્કુલ કલરવ હાઈસ્કુલ આ ત્રણેય હાઈસ્કુલ ના બાળકો એ આ રશોત્સવ માં ઉત્સાહ પુર્વક ભાગ લીધો હતો આ કાર્યક્રમ ના ઉદઘાટક તરીકે નેહાબેન પટેલ હેમલત્તાબેન પટેલ ચંદ્રકાંતભાઈ શાહ બીપીનભાઈ શાહ તથા શાળાના પ્રિન્સીપાલ શાકેશભાઈ મહેતાએ બાળકો ને પ્રોત્સાહિત કર્યા હતા જયારે સાબરડેરી દ્વારા સાબરકાંઠા અને અરવલ્લી ના બાળકો ની કસોટી રાખેલ હતી ત્યારે આ કસોટી માં જે વિદ્યાર્થી પ્રથમ આવ્યો હતો તે વિદ્યાર્થી ને જીલ્લા પંચાયત ના પ્રમુખ નેહાબેન પટેલ દ્વારા ઈનામ આપવામાં આવ્યુ હતુ.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# પ્રાંતિજના યુવાને ગળે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી

પ્રાંતિજ, તા. ૯

પ્રાંતિજમાં સ્થિત વણઝારા વાસમાં એક યુવાને પોતાના જ ઘરમાં અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લેતા ચકચાર મચી જવા પામી હતી. પ્રાંતિજના વણઝારા વાસમાં રહેતો યુવાન વનરાજ દલાજી વણઝારાએ આજે પોતાના મકાનમાં જ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લીધો હતો. આ ઘટના અંગે પરિવારજનોને જાણ થતા તેઓ ચોંકી ઉઠ્યા હતા અને તુરંત બેભાન અવસ્થામાં યુવાનને પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ આવ્યા હતા. જ્યાં હાજર તબીબ ડૉ. જોગીયાએ મૃત જાહેર કર્યો હતો. આ અંગે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦